# હિંમતનગર માર્ગ પર લાલપુર પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત : ચારના મોત

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના લાલપુર ગામ નજીક બુધવારે ટ્રક અને મારુતિ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ મોત નિપજયા હતા જયારે વધુ એક ઈજાગ્રસ્ત બાળકનું સારવાર દરમિયાન અમદાવાદ સિવિલમાં બુધવારે રાત્રિના મોત નિપજયું હતું. આ અંગે હિંમતનગર રૂરલ પોલીસ મથકના પીએસઆઈ-એન જી ગોહિલે જણાવેલ કે બુધવારે સવારે લાલપુર પાસે ટ્રક અને મારૂતિનો અકસ્માત સર્જાયો હતો. જેમાં સ્થળ પર મોડાસાના ડુંગરવાડા ગામના ૧૫ વર્ષીય કુંજ રજનીકાંત પંડયા અને મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ગોઠવા ગામના ૫૦ વર્ષીય બાબુલાલ વિષ્ણુપ્રસાદ મહારાજનું મોત નીપજયું હતું. જયારે ચાર ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનર સિવિલમાં દાખલ કરાયેલ જયાંથી વધુ ત્રણ ગંભીર ઈજાગ્રસ્તોને સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. જયાં મોડાસાના ડુંગરવાડા ગામના ૪૦ વર્ષીય મીનાબેન રજનીકાંત પંડયાનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. ત્યારબાદ તે બુધવારની રાત્રિએ ગંભીર હિંમતનગર તાલુકાના અણીયોલ ગામનો ઈજાગ્રસ્ત ૫ વર્ષીય બાળક જકશીલ જયદીપકુમાર જોશીનું પણ મોત નીપજયું હતું. આ અંગે શુક્રવારે અમદાવાદ સિવિલથી હિંમતનગર રૂરલ પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. આ અંગે હિંમતનગર રૂરલ પોલીસ મથકે દિપીકાબેન જોશીએ ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.



## ઉત્તરાખંડ અતિવૃષ્ટિ-હોનારત દરમ્યાન મળી આવેલી બાળકી અંગેની જાણકારી આપવા

ઉત્તરાખંડ રાજયમાં થયેલ ભારે વરસાદથી કેદારનાથ સહિત અનેક વિસ્તારમાં તારાજી સર્જાઇ હતી. આ હોનારત દરમ્યાન કેદારનાથ ખાતેથી એક નાનકડી બાળકી મળી આવી છે. દેહરાદુનના સ્થાનિક વહીવટી તંત્રને હોનારતમાં વિખૂટી પડેલ બાળકીના મા-બાપ અને સંગા- સંબંધિતની કોઇ જાણકારી મળી નથી. હાલમાં બાળકીની દુન હોસપિટલ દહેરાદુન ખાતે સારવાર કરાઇ રહી છે. તેના વાલી-વારસોએ બાળકી અંગે ફોન નંબર- ૦૧૩૫-૨૭૨૬૦૬૬, ૨૨૬૨૬૦૬૪, ૨૬૨૬૦૬૫, ૨૬૨૬૦૬૬ અને ટોલ ફ્રી નંબર-૧૦૭૭ પર અથવા **dm - deh - ua @ nic .in** પર સંપર્ક કરવા દહેરાદુનના જિલ્લા કલેકટર શ્રી બી.વી.આર.સી પુરૂષોત્તમએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### વડીલોને વંદન અભિનંદન



નિરંજન ઓઝા
(૧૯૩૯) ફોનઃ ૨૩૨૨૫૭૬૫



નિરંજન ઓઝા
(૧૯૩૯) ફોનઃ ૨૩૨૨૫૭૬૫

## પાલનપુરના માન સરોવરના ગંદા પાણીમાં ડૂબી જતાં બેનાં મોત

### નગરપાલિકાની ટીમ તથા સ્થાનિક તરવૈયા અને કાદરીની બોટની મદદથી મતદેહ બહાર કઢાયો



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૫

પાલનપુરના એક સમયના ઐતિહાસિક ગણાતું માનસરોવર આજે ગંદા ગટરના શહેરના આવતા પાણીનું ગંદુ માનસરોવર બની જવા પામ્યું છે. આ માનસરોવરમાં પિતા પુત્ર બે જણાનું સાંજના સમયે ડુબી જવાથી મોત નિપજ્યું હતું. બન્નેની બોટના કોન્ટ્રાક્ટર કાદરીની મદદથી બોટ મંગાવીને લાશને બહાર કાઢવામાં ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પાસે બોટની સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાના કારણે મુસીબતોનો સામનો કરવો પડ્યો હતો.

શહેરના માનસરોવર ખાતે આવેલા હરિપુરા વિસ્તારમાં રહેતા નરસિંહભાઈ જગમાલભાઈ વેડુ (દેવીપૂજક) અને જગમાલભાઈ દેવીપૂજક કોઈક અગમ્ય કારણોસર બાજુમાં આવેલા માનસરોવરના પાણીમાં પડતા અને ડુબી જતા તેની જાણ પાલિકાને કરાતાં પાલિકા પ્રમુખ હસમુખ પઢિયાર, ચીફ ઓફીસર યુ.ડી. સિંધા, દિનેશ પંચાલ તાત્કાલિક ફાયર સ્ટાફ લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પણ ગટરના ગંદુ પાણી અને દલદલ હોવાના કારણે લાશ બહાર કઢાય તેવી ન હોવાના કારણે સ્થાનિક વેપારી મકસુદભાઈ કાદરી દર વખતે સંકટ સમયે ઉભા રહેતા મકસુદભાઈ તાત્કાલિક પાણીમાં ઉતરી લાશ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે રાજુ બાવરી અને પતુજી છગનજી ઠાકોર બન્ને યુવાન તરવૈયાઓએ જાનની પરવા કર્યા વગર પાણીમાં પડીને લાશ બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો. કાદરી મકસુદભાઈ અને તરવૈયાઓના પ્રયાસથી મહામુસીબતે લાશને બહાર કાઢીને સિવિલમાં મોકલી આપી હતી.

### ઝેરી જનાવર કરડતા ચાર વર્ષના બાળકનું મોત

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ચંદાવાસ ગામના ચાર વર્ષના બાળક શુક્રવારે સવારે ઝેરી જનાવર કરડતા સારવાર દરમિયાન હિંમતનગર સિવિલમાં મોત નિપજ્યું હતું.

વિગત મુજબ ચંદાવાસ ગામે રહેતા પ્રવીણભાઈ બોદરના ચાર વર્ષીય પુત્ર પ્રિન્સને શુક્રવારે સવારે ઘર નજીક ઝેરી જનાવર કરડ્યું હતું. જેને તાત્કાલિક સારવાર માટે વિજયનગર સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

### વણઝારા સમાજનું ગૌરવ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતાપાર્ટીના મંત્રી અને ગુજરાત વણઝારા સમાજના પ્રદેશ મહામંત્રી વિજયસિંહ ફુલાજી વણઝારાના પુત્ર વિરેન્દ્રસિંહ વણઝારાએ માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ૯૨.૭૦ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવી સમાજ ગામ અને શાળાનું ગૌરવ વધાર્યું છે. વણઝારા સમાજ ગુજરાતના પ્રમુખ નારાજી બાબુજી વણઝારા, ઉપપ્રમુખ મંત્રી તથા હોદ્દેદારોએ વિરેન્દ્રસિંહને અભિનંદન પાઠવી ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છા આપી હતી. તેમજ સમાજમાં અન્ય વિદ્યાર્થીઓ પણ તેજસ્વી બની સમાજનું ગૌરવ વધારે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

## ખેડબ્રહ્મામાં રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજીનું મોસાળમાં આગમન

ખેડબ્રહ્મા, તા.૫

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ તથા રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું તા.૧૦ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજી ગુરૂવારે વાજતે ગાજતે મોસાળમાં પધાર્યા હતાં.

ભગવાન જગન્નાથજી મોસાળમાં મોદી હસમુખલાલ તુલસીદાસના નિવાસસ્થાને ચાર દિવસ રોકાશે અને સોમવતી અમાસના દિવસે નિજ મંદિરમાં પરત પધારશે. ચાર દિવસ મોસાળમાં ભગવાનની પૂજા અર્ચન કરવામાં આવશે. તથા દરરોજ રાત્રે ગોપી મંડળના ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

રથયાત્રાના માર્ગમાં ભગવાન જગન્નાથજી બલભદ્ર અને બહેન સુભદ્રાની સેવા ભાવિ ભકતો દ્વારા સ્વાગત આરતી કરવામાં આવશે અને માર્ગમાં ઠંડા પાણી-શરબત-છાસ ઠંડા પીણા સેવ-ગાંઠીયા વગેરેનું રથયાત્રામાં જોડાયેલ ભાવિક ભકતો માટે સેવા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રાના દિવસે હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસ સ્થાને ભગવાન વિસામો કરશે જયાં ભગવાનનું મોસાળું ભરાશે અને ભકતો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## આજે ગાંધીનગરથી બિહારના ૧૫૦૦ જેટલા વરિષ્ઠ જિલ્લા કાર્યકર્તાઓ સાથે મુખ્યમંત્રી ઓડીયો સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના મુખ્યમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ, તા.૬ જુલાઈ-૨૦૧૩ના રોજ શનિવારે સાજે ગાધીનગરમાં તેમના નિવાસસ્થાનેથી ઓડિયો બ્રીજ કોમ્યુનિકેશન ટેકનોલોજીના માધ્યમથી બિહારના ૧૫૦૦ જેટલા વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે સવાદ કરશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે ઓડિયો બ્રીજ દ્વારા બિહારના કાર્યકર્તાઓ સાથેની આ વાતચીત ચૂટણી પ્રચાર અભિયાનના ભાગરૂપે નથી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં યોજાયેલી તાજેતરની વિધાનસભા અને લોકસભાની પેટાચૂટણીઓમાં ઓડિયો બ્રીજના કાર્યક્રમનો સફળ વિનિયોગ કર્યો હતો અને ભાજપાના કાર્યકર્તાઓ સાથે મોબાઈલ ફોનથી વાતો કરી હતી. તેનાથી પ્રેરાઈને બિહારના વરિષ્ઠ કાર્યકર્તાઓએ ઓડિયો બ્રીજ દ્વારા મુખ્યમત્રીશ્રીની સાથે સવાદ કરવા વિનતી કરી હતી જે મુખ્યમત્રીશ્રીએ સ્વીકારી છે.

## પાલનપુર એલસીબી એસઓજીની ટીમે ડીસા જ્વેલર્સની દુકાનનો ચોર મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો

પાલનપુર, તા. ૫

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આવેલ મહાલક્ષ્મી જ્વેલર્સની સોના-ચાંદીની દુકાનમાંથી છળકપટ કરીને ૮૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ છળકપટ કરી દાગીના લઈને તસ્કર નાસી ગયો હતો. આ સંદર્ભે ડીસા પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો. બનાસકાંઠા એસ.પી.ની સૂચનાથી એસઓજી અને એલસીબીની ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરતા આરોપી હિતેશકુમાર ભીખાલાલ પ્રજાપતિ રહે. પાલનપુર લક્ષ્મીપુરા વાળાને ઓળખી કાઢીને ગતરોજ સાંજના સાત કલાકે ઝડપી પાડ્યો હતો. ઉપરોક્ત મુદ્દામાલ પાલનપુરની મોટી બજારની મોનાલીસા જ્વેલર્સમાં વેચેલ હોવાનું જણાયેલ. પાલનપુરથી મુદ્દામાલ કબ્જે કરીને આરોપી તથા મુદ્દામાલ ડીસા પોલીસને સોંપ્યો હતો.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## પાલનપુરના કાણોદર ખાતે આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થ વિરોધી દિનની ઉજવણી કરાઈ

પાલનપુર, તા.૫

પાલનપુર તાલુકાના કાણોદર ગામ ખાતે નશાબંધી અને આબકારી ખાતુ પાલનપુર તેમજ નશાબંધી મંડળ, ગુજરાત સંચાલિત નવજીવન વ્યસન મુકિત અને પુનઃવસન કેન્દ્ર પાલનપુરના સંયુકત ઉપક્રમે એસ.કે.એમ. હાઈસ્કુલમાં ગત તા. ૨૬મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થ વિરોધી દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે હાજર મહેમાનોએ નશીલા પદાર્થોના સેવનથી થતાં નુકશાનોની જાણકારી આપી હતી અને વ્યસનોને જીવનમાંથી કાયમી શ્રધ્ધાંજલિ આપવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને વ્યનસથી દુર રહેવા પ્રેરકબળ પુરું પાડયું હતું.

આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય વ્યસનો અને આજનું યુવાધન હતો. ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા તેમજ દરેક સ્પર્ધકનો આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે કે.એન. ભોજક, ગણેશભાઈ પટેલ, કે.આર. ગઢવી, જી.એસ. વણકર, કરીમભાઈ હાંડા સહિત શાળાના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતાં.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ હઝરત બબરસાબાવાની દરગાહથી બબરસાબાવાની ઉર્સ નિમિત્તે ધામધૂમથી ભવ્ય જુલુસ શાનો શોકતથી મનાવવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

## નર્મદા ડેમની સપાટી ૧૧૮.૪૦ મીટરે

ગાંધીનગર, તા. ૫

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ટુંક સમયમાં ઓવરફલો થાય તેવી શક્યતાઓનું નિર્માણ થઈ રહ્યું છે. ડેમમાં પાણીની ભરપુર આવકના કારણે તેમજ મધ્યપ્રદેશ અને રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે ઉપરવાસથી પાણીની આવક નર્મદા ડેમમાં વધી રહી છે.

પરિણામે આજે નર્મદા ડેમની સપાટી ૧૧૮.૪૦ સે.મી. પહોંચી છે. ગઈકાલની તુલનાએ આજે ડેમમાં પાણીની આવકમાં ૬૨ સે.મી.નો વધારો થયો છે. ગઈકાલે ૧૧૬.૧૫ મીટરે ડેમની સપાટી હતી જે આજે વધી ૧૧૮.૪૦ મીટરે પહોંચી છે.

## શબ્દાવલી - ૫૧૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | ૯ | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | | | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | | ■ | ■ | ૧૭ | | | |
| | ■ | ૧૮ | | | ■ | ■ | ■ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | |

### આડી ચાવી

૧. સંબંધો કરવો, સગાઇ (૪)
૪. પરિસ્થિતિ (૩)
૬. ... નો હલવો સરસ લાગે (૩)
૭. પૈસા, ધન (૨)
૮. ચોરસ મેદાન, ખુલ્લી જગ્યા (૩)
૧૦. સારૂ કર્યાના વખાણ, યશ (૨)
૧૨. ચોરી કરે તે (૨)
૧૩. એકદમ, આકસ્મિક રીતે (૪)
૧૪. ... કરવું, જવાની ક્રિયા કરવી (૩)
૧૬. આજકાલ વેપાર-ધંધામાં... કાપ હરિફાઇ ચાલે છે (૨)
૧૭. એક સરખું ભળી જાય તેવું (૪)
૧૮. બર્તન, ઠોબરા (૩)
૧૯. ડફ, એક વાદ્ય (૩)
૨૦. રખેવાળ, રખોપુ કરનાર (૪)

### ઊભી ચાવી

૧. ... સઘળી સ્વાર્થ કેરી (કહેવત) (૩)
૨. હાથી (૨)
૩. દેવી-દેવતાનું સાચુ હોય તે ... બતાવે, ચમત્કાર (૩)
૪. હિંમત (૨)
૫. અંધારૂં-અંહકાર (૩)
૭. ઉદારતાથી આપવું તે... કરવું (૨)
૯. ... કલાકાર, ગાયન ગાનાર (૩)
૧૦. ધીમો વરસાદ, ... વરસે છે (૪)
૧૧. ગામ છોડી જવું તે, ... ભરવા (૩)
૧૨. ચારે બાજુ (૩)
૧૩. સગવડ નથી તેવું (૪)
૧૫. નાડી, રગ (૨)
૧૭. કાન દુઃખવો, ... આપવો (૩)
૧૮. સુગ્રીવનો મોટો ભાઈ... (૨)

### શબ્દાવલી ૫૧૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) દંડ (૩) શાક (૫) વિધુ (૬) ગરક (૮) મંઅક (૧૦) પોકળ (૧૧) વસાણુ (૧૨) આકળા (૧૩) ઓઢવ (૧૪) ટપકાવવું (૧૬) રીત (૧૮) યોજના (૨૨) રાન (૨૩) લાગવગ

**ઊભી ચાવી :-** (૧) દંગ (૨) ડરપોક (૪) કર્મ (૫) વિકસાવવું (૭) કકળાટ (૯) અવઢવ (૧૨) આગળીયો (૧૩) ઓકાત (૧૫) પરી (૧૭) અથાગ (૧૯) જરા (૨૦) નાન (૨૧) સાગ

### કંપની સમાચાર

## ઓડી રજૂ કરે છે RS 5 કૂપ

જર્મન લકઝરી કાર ઉત્પાદન ઓડીએ ભારતમાં ન્યુ ઓડી **RS 5** કૂપની રજૂઆત કરી છે. શક્તિશાળી **V 8** એન્જિન ધરાવતી ઓડી **RS 5** કૂપ માત્ર ૪.૫ સેકન્ડમાં જ કલાકની ૧૦૦ કિમીની ઝડપ મેળવી શકે છે. તેની મહત્તમ સ્પીડ કલાકનાં ૨૫૦ કિમીની છે. તેની કિંમત ૯૫,૨૮,૦૦૦ (એકસ શોરૂમ- મહારાષ્ટ્ર) છે. ભારતમાં તેની વિધિવત રજૂઆત ઓડી ઈન્ડિયાનાં વડાશ્રી માઈકલ પર્શ્ક દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ઓડી**RS 5** તે આદર્શ હોઈ પરફોર્મન્સ કૂપ છે અને તે અમારી વોરસ્પ્રંગ ડર્ચ ટેકનિકની ફિલસૂફીને સુંદર રીતે વ્યક્ત કરે છે.

ઓડી તે સ્પોર્ટસ કારક્ષેત્રનાં પણ બજાર નેતૃત્વ ધરાવે છે. તેમાં ઓડી **R 8,** ઓડી **R 8** સ્પાયકર, ન્યૂ ઓડી**RS 5** કૂપ, ઓડી **S4** અને ઓડી **TT** કૂપનો સમાવેશ થાય છે.

## આઈસીએઆઈએ ઉજવ્યો ૬૫મો સ્થાપના દિન

ભારતીય ટોચની અને વિશ્વની બીજા નંબરની સૌથી મોટી એકાઉન્ટીંગ સંસ્થા ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)એ તેના ૬૫માં સ્થાપના દિન તા. ૧ જુલાઈના રોજ નવી દિલ્હીનાં વિજ્ઞાનભવનમાં ઉજવણી કરી હતી.

કેન્દ્રનાં રાજયકક્ષનાં મંત્રી સચિન પાયલટ તેમજ વડાપ્રધાનની આર્થિક સલાહકાર સમિતિનાં ચેરમેન ડૉ. સી. રંગરાજન આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આઈસીઆઈનાં મંત્રી શ્રી ટી.કાર્તિકેયને તમામ મહેમાનોને આવકાર્યા હતા.

આઈસીએઆઈનાં અધ્યક્ષ સીએ સુબોધકુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે, 'આઈસીએઆઈ તેની સ્થાપનાની શરૂઆતથી જ મક્કમગતિએ વૃદ્ધિ નોંધાવી રહી છે. સંસ્થાનાં સંખ્યામાં થઈ રહેલો અસાધારણ વધારો ઉદ્યોગ અને જાહેર જનતાએ સંસ્થામાં મુકેલા વિશ્વાસનું પ્રતિબિંબ છે.'

## નાસભાગ મચી... ● છેલ્લા પાનાનું ચાલુ

મેલ મેડીકલ વોર્ડમાં ગંભીર હાલતમાં સારવાર અર્થે દાખલ થયા હતા. તબીયત વધુ ગંભીર થતા તાત્કાલિક કોડ બ્લ્યુ જાહેર કરીને સારવાર માટે ડૉક્ટરની ટીમ બોલાવી લેવામાં આવી હતી. ઓક્સીજનની જરૂર જણાતા પેશન્ટને આઈ.સી.યુ.માં ખસેડવામાં આવે ત્યાં સુધી ઓક્સીજન ફ્લો મીટર વડે ટ્રીટમેન્ટ શરૂ કરવા ગતિવિધિ શરૂ કરી. સવારે જ ઓક્સીજન ભરવામાં આવ્યો હોવા છતાં ફ્લો મીટરમાં 'રીડીંગ નીલ' બતાવતા ઓક્સીજન ફ્લો મીટરની ચક્કર ફેરવવાનો પ્રયત્ન કર્યો તેટલામાં જ એક ધડાકો થયો અને પ્રેસર સાથે બધો જ ઓક્સીજન બહાર છુટ્યો...! અવાજ ભયાનક આવતા વોર્ડમાં બેસેલો નર્સીંગ સ્ટાફ તથા ટ્રીટમેન્ટ લઈ રહેલા અન્ય દર્દીઓ તે જ સ્થિતિમાં વોર્ડની બહાર ભાગી ગયા હતા. થોડી વાર માટે આ સ્થળે નાસભાગ મચી જવા પામી હતી અને પ્રેશરથી ઉડેલો ઓક્સીજન જેની આંખમાં ગયો તેમને ક્ષણીકવાર આંખોમાં બળતરા થવા લાગી હતી.

## ખેડૂતોમાં ચિંતા... ● છેલ્લા પાનાનું ચાલુ

કપાસના પાકમાં આ રોગે દેખા દતાં કપાસ પકવતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. માણસા તાલુકાના છ ગામોમાં આ રોગ છુટો છવાયો દેખાયો છે. ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ભેજવાળા વાતાવરણને કારણે આ રોગે દેખા દીધી છે. જો કે ગઈ કાલે થયેલી શ્રીકાર વર્ષાથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે પરંતુ ત્યાં જ આ મીલીબગ રોગે દેખા દેતાં થોડુંક ચિંતાનું પણ મોજુ પ્રસરી જવા પામ્યું છે.

## તંત્રમાં દોડધામ... ● છેલ્લા પાનાનું ચાલુ

તેમજ આ માર્ગ એટલો બધો બિસ્માર બની ગયો છે કે વાહન-ચાલકોએ આ માર્ગ પર વાહન ચલાવવુ પણ અહિ મુશ્કેલ બન્યું છે. શહેરમાં ભારે વરસાદને કારણે ઠેર ઠેર ભુવાઓ પડ્યા હતા. આ ઉપરાંત ઘણા સેક્ટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટરના ઢાંકણા ખોલી નાખવાની પણ તંત્રને ફરજ પડી છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે નાંખવામાં આવેલ પાઈપલાઈન પણ ઘણા સેક્ટરોમાં સાફ નહિ થયાની ફરિયાદ ઉઠવા પામી છે તો સે. ૨૪, સે. ૨૨, સે. ૨૧, સે. ૨૬ અને સે. ૨૭ તેમજ સે. ૭, સે. ૨ માં ઘણા બધા વિસ્તારોમાં પાણીના તળાવો બની પાણી ભરાઈ રહેવા પામ્યાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. જો કે આજે દિવસ દરમ્યાન તંત્ર સતત દોડતુ રહેવા પામ્યું હતું.

## વિકાસ ગ્રાન્ટ... ● પહેલા પાનાનું ચાલુ

બનાવવાના મુદ્દે થઈ રહેલ વિલંબ અંગે વિપક્ષી સભ્યોએ નારાજગી વ્યકત કરી હતી. જો કે આ પછી તાત્કાલિક ચેમ્બર ફાળવવામાં આવશે તેવી હૈયાધારણ તાલુકા વિકાસ અધિકારીશ્રી ચારેલે સભ્યોને આપી હતી.

આ બેઠકમાં તાલુકા પંચાયતનો સભા ખંડ બનાવવા તેમજ તે માટે જગ્યા ફાળવવાને લઈ ચર્ચાઓ થઈ હતી. આ માટે કલેકટરશ્રીને સર્વપક્ષીય રજુઆત જરૂર પડયે કરવાની પણ સભ્યોએ તૈયારી દર્શાવી હતી. એક તબક્કે આ મુદ્દે સરકારના સામાન્ય વહીવટ વિભાગમાં જ માંગણી કરવા સુધી પણ સભ્યોએ લાગણી વ્યકત કરી હતી.

તાલુકા પંચાયતના સભ્યોએ આજે આ બેઠકમાં તાલુકામાં ચાલીરહેલા વિકાસના કામોમાં ગતિ આવે તે માટે રજુઆતો કરી હતી.સભ્યોએ વ્યકત કરેલી લાગણીનો તંત્રના અધિકારીઓએ સ્વીકાર કર્યો હતો. રાજીવ ગાંધી સેવા ભવનના નિર્માણ હેતુ ગ્રામ પંચાયતોની વધુ દરખાસ્તો મળે તે માટે પ્રમુખશ્રી કાળુસિંહે વિશેષ આગ્રહ કરી સભ્યોને તેની વગ વાપરી વિકાસના કામને અગ્રતા આપવા સૂચવ્યું હતું.

## મેડીકલ કોલેજનું... ● પહેલા પાનાનું ચાલુ

ગાંધીનગર મેડીકલ કોલેજને ગત વર્ષે જ ૧૫૦ બેઠકોની મંજુરી આપવામાં આવી છે. એ પૂર્વે પહેલા ઈન્સ્પેકશન દરમ્યાન પણ સ્ટાફની નિમણુંકના મુદ્દે પૂર્વ ડીન ડૉ. એસ.વી. પટેલને મેડીકલ કાઉન્સીલે નોટીસ ફટકારી હતી જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ પ્રથમ વર્ષથી જ વિવાદોમાં રહી છે. ચાલુ વર્ષે કોલેજનું સંપૂર્ણ બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે તેમજ વિદ્યાર્થીઓની હોસ્ટેલનું નિર્માણકાર્ય પણ સંપન્ન થઈ જવા પામ્યું છે. કોલેજને આ વર્ષે બીજા વર્ષના અભ્યાસક્રમની મંજુરી આજે ઈન્સ્પેકશન પૂર્ણ થતાં એકાદ મહિનામાં મળી જશે તેમ મનાઈ રહ્યું છે.

છેલ્લા ઘણા દિવસથી કોલેજના પુનઃ ઈન્સ્પેકશનને લઈ અટકળો ચાલતી હતી તેનો આજે અંત આવ્યો છે.